


# ફેબ્રુઆરી
## ૨૦૧૬

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# ફેબ્રુઆરી 2016

## તાજેતરની ઘટનાઓ

1 થી 31 જાન્યુઆરી 2016

We are famous for...

The Most IMP,

Authe. tiશ્ર,

To the poi. t,

Up to date

Material

www.crackgpsc.com



# Most Imp Current Affairs – February 2016

- ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયક સંજય સૂબ્રમણ્યમ વર્ષ 2015ના સંગીત કલાનિધિ પુરસ્કારથી સન્માનિત.
- કેન્દ્રીય મંત્રીમંડળે મ્યાનમારમાં બની રહેલ તમૂ-કિયોગોન-કલેવા (TKK) નામના ત્રિપક્ષીય રાજમાર્ગ પર 69 પૂલના નિર્માણને મંજૂરી આપી. કૂલ 71 માથી 2 મ્યાનમાર સરકાર જાતે તૈયાર કરી રહી છે.
- વાણિજ્ય વિભાગની 'દવા' અથવા 'ડ્રગ્સ ઓથેંટિકેશન એન્ડ વેરિફિકેશન એપ્લિકેશન'ને વેપાર સુવિધા શ્રેણીમાં ઈ-એશિયા પુરસ્કાર મળ્યો.
- રાકેશ કુમાર સિંહ ભદોરિયા ભારતીય વાયુ સેના (IAF)ના ઉપ-પ્રમુખ બન્યા.
- કૃત્રિમ પગના સહારે એવરેસ્ટ પર સફળતાપૂર્વક ચઢાણ કરનાર વિશ્વ પર્વતારોહી અરૂણીમા સિન્હાએ આર્જેન્ટિનાના માઉન્ટ અકોનકાગુઆના શિખર પર ભારતીય ધ્વજ લહેરાવ્યો. તે કૃત્રિમ પગના સહારે ચઢાણ કરનાર વિશ્વની પહેલી મહિલા પર્વતારોહી છે.
- 1 એપ્રિલ 2016થી LPG ની જેમ કેરોસીન પર પણ DBT યોજના લાગુ પાડવામાં આવશે.
- આજ સુધીની સૌથી મોટી 22.50 કરોડની લૂંટની કેશ રિકવરી માત્ર 10 કલાકની અંદર બહાર લાવનાર દિલ્લી પોલીસને લિમ્કા બુક ઓફ રેકોર્ડથી નવાજવામાં આવી.
- સાઉદી અરબ દ્વારા એક શિયા મુસ્લીમને ફાંસી આપવાને કારણે સાઉદી અરબ-ઈરાનના રાજનૈતિક સંબંધ તૂટ્યા.
- RBI એ સ્ટેટ બેન્ક ઓફ ત્રાવણકોર પર 1 કરોડનો દંડ ફટકાર્યો.
- ભારતીય ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન ICC ટેસ્ટ રેંકિંગમાં નંબર વન બોલર.
- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતીનને ઈઝરાયલમાં 'પર્સન ઓફ ધ યર'નો એવોર્ડ.
- 4 જાન્યુઆરી : વિશ્વ બ્રેલ દિવસ.

> - 4 જાન્યુઆરી, લુઈ બ્રેલના જન્મ દિવસની યાદમાં મનાવાય છે.
> - અંધ લોકોને વાંચવા-લખવા માટે બ્રેલ લિપિની શોધ લુઈ બ્રેલ દ્વારા 1824માં થઈ હતી.

- કેન્દ્ર સરકારે રાંચીમાં રમત વિશ્વ વિદ્યાલય ખોલવાની જાહેરાત કરી.
- અતુલ સોબતી ભેલના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર બન્યા.

www.crackgpsc.com

- ભારતે દક્ષિણ એશિયાઈ ફૂટબોલ ફેડરેશન કપ (સૈફ) નો એવોર્ડ જીત્યો.

> ➢ દક્ષિણ એશિયાઈ ફૂટબોલ ફેડરેશનના 8 દેશો : અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન, શ્રીલંકા.
> ➢ જૂનું નામ : સાઉથ એશિયન ફૂટબોલ ફેડરેશન ગોલ્ડ કપ.

- ગાયક અને સંગીતજ્ઞ અદનાન સામી ખાનને ભારતીય નાગરિકતા અધિનિયમ, 1955 અનુસાર નાગરિકતા પ્રમાણપત્ર આપવામાં આવ્યું.
- ONGC લાલબહાદુર શાસ્ત્રી હોકી ટુર્નામેન્ટની વિજેતા બની.
- આબિદઅલી નીમચવાલા : વિપ્રો લિમિટેડના નવા CEO.
- પૂર્વ સુરક્ષા સચિવ આર. કે. માથુર ભારતના આઠમા મુખ્ય માહિતી કમિશનર (સીઆઇસી).
- પંજાબમાં પઠાણકોટમાં એરફોર્સ (વાયુસેના) એરબેઝ પર આતંકવાદી હુમલો.
- બિહાર કિંગ એયર સી-90 વિમાન તાલીમ આપવા માટેની દેશની પ્રથમ સંસ્થા હશે.
- ESPN ની ડિજીટલ મેગેઝિન ક્રિકેટ મંથલીમાં ભારતના બેટ્સમેન વી. વી. એસ. લક્ષ્મણના ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ કોલકાતા ઈડન ગાર્ડન્સમાં રમાયેલ 281 રનના દાવને 50 સર્વશ્રેષ્ઠ પ્રદર્શનમાં પ્રથમ સ્થાન.
- ભારતની શીર્ષ 500 કંપનીઓની વાર્ષિક યાદી 'ફોર્ચ્યુન ઈન્ડિયા-500'માં IOC પ્રથમ સ્થાને, રિલાયન્સ ઈન્ડ. લિ. બીજા, તાતા મોટર્સ ત્રીજા અને SBI ચોથા સ્થાને.
- ઓસ્ટ્રેલિયા વર્ષ 2016ના અંડર 19 વિશ્વકપમાં ભાગ નહીં લે. ઓસ્ટ્રેલિયા સરકાર અનુસાર સુરક્ષાની દ્રષ્ટિએ બાંગ્લાદેશ અસુરક્ષિત છે.
- સુપ્રીમ કોર્ટના પૂર્વ મૂખ્ય ન્યાયાધીશ એસ. એચ. કાપડીયાનું નિધન.
- મેરી બારા જનરલ મોટર્સની નવી અધ્યક્ષા. જેમણે થિયોડોર સોલ્સોનું સ્થાન લીધું.
- ભારતથી નેપાળ વચ્ચે ચાલનાર મૈત્રી બસ સેવા 27 વર્ષ પછી ફરીથી શરૂ.
- સૈયદ કિરમાનીને વર્ષ 2015નો કર્નલ સી કે નાયડૂ લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર. વિરાટ કોહલી ને આંતરરાષ્ટ્રીય ક્રિકેટર માટે પોલી ઉમરીગર ટ્રોફી.
- ઉત્તર કોરિયાએ હાઈડ્રોજન બોમ્બનું પરીક્ષણ કર્યું.
- HMT ના HMT વોચ, HMT ચિનાર વોચ, અને HMT બેરિંગ્સને બંધ કરવાનો નિર્ણય.
- શ્રીલંકાની એક ખાણમાં 1404.49 કેરેટનો નીલમ રત્ન મળ્યો. જે વિશ્વનો સૌથી મોટો નીલમ રત્ન છે. જેને સ્ટાર નીલમ પણ કહેવામા આવે છે.
- કેન્દ્ર સરકારના કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળમાં મહિલાઓને 33% પ્રતિનિધિત્વને મંજૂરી.

www.crackgpsc.com

- ઈન્ટરનેશનલ યૂનિયન ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ કેમિસ્ટ્રી (IUPAC)એ આવર્ત કોષ્ટકની સાતમી શ્રેણીને પૂરા કરતાં ચાર તત્વોની શોધ કરી.

> ➢ તત્વ 113 : યૂનનટ્રીયમ, UUT
> ➢ તત્વ 115 : યૂનનપેટ્રીયમ, UUP
> ➢ તત્વ 117 : યૂનનસેપ્ટિયમ, UUS
> ➢ તત્વ 118 : યૂનનઓક્ટિયમ, UUO

- કેન્દ્ર સરકારે છત પર સૌર પેનલ લગાવવાના અભિયાનને વેગ આપવા 5000 કરોડ મંજૂર કર્યા.
- ભારતીય મૂળના કેન્સર વિશેષજ્ઞ હરપાલસિંહ કુમારને મહારાણી એલિઝાબેથ દ્વારા નાઈટહૂડની ઉપાધિ અપાઈ.




- ભારતીય મહિલા નિશાનેબાજ અપૂર્વી ચંદેલા સ્વીડિશ કપ ગ્રાં. પ્રી માં 10 મીટર એર રાઈફલ પ્રતિયોગિતામાં સૂવર્ણ પદક જીતી.
- સામ પિત્રોડાની ઓરિસ્સા સરકારના ટેકનીકલ સલાહકાર તરીકે નિમણૂક.
- દિલ્લી સરકારે પાઈવેટ સ્કૂલોમાં નર્સરી માટે મેનેજમેન્ટ કોટા બંધ કરવાનો નિર્ણય લીધો.
- જમ્મૂ-કાશ્મીર ના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદનું મૃત્યુ.
- ગંગા નદી પર 145 કિલોમીટર લાંબા રાષ્ટ્રીય જળમાર્ગ 1 (હલદિયા થી ફરક્કા) પર ભારતની પ્રથમ નદી સૂચના પદ્ધતિ (RIS) નું ઉદઘાટન.
- ડો. અચ્યુત સામંત વર્ષ 2017-18 ના ભારતીય વિજ્ઞાન કોંગ્રેસના અધ્યક્ષ.
- મોબાઈલ વોલેટ કંપની ઓક્સિજન વોલેટ માસ્ટર્સ ચેમ્પિયન લીગની ટાઈટલ પ્રયોજક. બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મહેન્દ્રસિંહ ધોની. આ લીગમાં માત્ર એ જ ખેલાડીઓ ભાગ લઈ શકે જેઓએ ક્રિકેટના તમામ પ્રકારોમાંથી સન્યાસ લઈ લીધો છે.

www.crackgpsc.com

- ભારતની મહિલા નિશાનેબાજ અપૂર્વી ચંદીલા સ્વીડિસ કપ ગ્રા. પ્રી. માં બીજો સુવર્ણ પદક જીતીને 'શૂટર ઓફ ધ ટુર્નામેંટ' જાહેર.
- કેલિફોર્નિયામાં લોસ એંજલિસના બહારના વિસ્તારમાં મિથેન ગેસના લીક થવાથી રાજ્યમાં કટોકટી જાહેર.
- આરબીઆઇ ગવર્નર રઘુરામ રાજન વર્ષ 2016 માટે સેન્ટ્રલ બેન્કર ઓફ ધ યર એવોર્ડથી સન્માનિત.
- કમોર્તા શ્રેણીની બીજી સ્વદેશી સબમરીન INS કદમત નૌસેનામાં શામેલ.
- ભારત અને ફ્રાન્સનો આઠ દિવસીય આતંકવાદ વિરોધી સંયુક્ત સૈન્ય અભ્યાસ શક્તિ-2016 રાજસ્થાનમાં શરૂ.
- ભારતની પ્રતિષ્ઠિત પ્રાદેશિક ક્રિકેટ ટુર્નામેન્ટ દિલિપ ટ્રોફી 2017માં ગુલાબી દડાથી રમાશે.
- યુપીના ગઢમુક્તેશ્વરમાં ગંગા ગ્રામ યોજના શરૂ. જેમાં 200 ગામમાં સાફ-સફાઈ કરાશે.
- શૈલેષ દેશના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ (વસ્તી ગણતરી) કમિશનર તરીકે નિમાયા.
- ટાટા સ્ટીલ લિમિટેડ વર્ષ 2013-14 માટે પ્રધાનમંત્રી ટ્રોફી વિજેતા.
- કેન્દ્ર સરકારે તામિલનાડુમાં પ્રસિદ્ધ સાંઢને કાબૂમાં કરવાની રમત જલીકટ્ટુ પરથી પ્રતિબંધ હટાવવાનું જાહેર કર્યું. સુપ્રીમ કોર્ટે 2014માં પ્રતિબંધ લગાવેલ.
- નોબલ પુરસ્કાર વિજેતા કૈલાસ સત્યાર્થીના પુસ્તક 'આઝાદ બાળપણની તરફ'નું લોકાર્પણ.
- પ્રજાસત્તાક દિવસ પર પ્રથમ વખત રાજપથ પર વિદેશી સેના ફ્રાન્સના સૈનિકોની ટૂકડી ભારતીય સૈનિકો સાથે પરેડ કરશે. પ્રજાસત્તાક દિવસ પર ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસ્વા ઓલાંદ મુખ્ય અતિથિ.
- કેન્દ્ર સરકારે ઉર્જિત પટેલને ત્રણ વર્ષના ગાળા માટે ફરીથી RBI ના ડે. ગવર્નર નીમ્યા.
- ચીનની પત્રિકા હુરૂન દ્વારા બહાર પડાયેલ રીપોર્ટ અનુસાર વિપ્રોના સ્થાપક અજીમ પ્રેમજી દાનીઓમાં પ્રથમ સ્થાને.
- યાત્રા વેબસાઈટ સીટ્રિપ ડોટ કોમે ભારતીય ઓનલાઈન યાત્રા કંપની મેક માય ટ્રિપમાં 18 કરોડનું રોકાણ કર્યું.
- સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડીએ WTA બ્રિસબન ટેનિસ ટ્રોફી જીતી.
- સ્ટાનિસ્લાસ વાવરિંકાએ ચેન્નાઈ ઓપન એવોર્ડ જીત્યો.
- વિશ્વની પ્રથમ મહિલા ફોર્મુલા વન ચાલક મારિયા ટેરેસા ડી ફિલિપ્સનું ઈટાલીમાં નિધન.
- મુફ્તી મોહમ્મદ સઈદના મૃત્યુ બાદ નવી સરકાર રચવામાં સમય લાગતાં કેન્દ્ર સરકારે જમ્મુ-કશ્મીરમાં રાજયપાલ શાસન લાગુ કરવાનું જાહેર કર્યું.

> ➢ જમ્મુ કશ્મીરના બંધારણના ભાગ 92 મુજબ અહી રાજયપાલ શાસન લાગૂ કરવામાં

www.crackgpsc.com

આવ્યું.

- 11મો વિશ્વ હિન્દી દિવસ 10 જાન્યુઆરી 2016ના મનાવવામાં આવ્યો. આ પહેલી વાર 10 જાન્યુઆરી 2016ના મનાવવામાં આવ્યો. જે 14 સપ્ટેમ્બરના મનાવવામાં આવતા હિન્દી દિવસનો એક ભાગ છે.

> ➢ રાષ્ટ્રીય હિન્દી દિવસ, 14 સપ્ટેમ્બર 1949 એ બંધારણ સભા દ્વારા હિન્દીને રાજભાષા તરીકે અપનાવવામાં આવવાથી મનાવવામાં આવે છે.

- ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેને 10 જાન્યુ. 2016ના અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર રાજયપાલ ઓ. પી. કોહલીની હાજરીમાં 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ-2016'નું ઉદઘાટન કર્યું. જેમાં વિશ્વના 31 દેશો સિવાય દેશના 27 રાજ્યોના પતંગબાજોએ ભાગ લીધો.
- બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ રોચ માર્ક ક્રિસ્ટિયન કાબોરે અર્થશાસ્ત્રી પોલ કાબા થિયેબાને દેશના વડાપ્રધાન જાહેર કર્યા.
- ICC દ્વારા મનીગ્રામ ઈન્ટરનેશનલને ઈવેન્ટ પાર્ટનર બનાવવાનું જાહેર કરાયું.
- ફ્લિપકાર્ટે બિન્ની બંસલને પોતાના નવા સીઈઓ નીમ્યા.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ શત્રુ સંપતિ ધારા, 1968માં સુધારો કરવા અધ્યાદેશ, 2016 લાગુ કર્યો. જે અનુસાર શત્રુ સંપતિ સંરક્ષક પાસે જ રહેશે અને તે પરત નહીં કરાય.
- અમેરિકાના લોસ એંજેલીસમાં 73મા ગોલ્ડન ગ્લોબ પુરસ્કારની વહેચણી.

> **73મા ગોલ્ડન ગ્લોબ પુરસ્કાર**
> ➢ સર્વશ્રેષ્ઠ અભિનેતા : લિયોનાર્ડો ડી કૈપ્રિયો (ફિલ્મ 'દ રેવેનાંટ')
> ➢ સર્વશ્રેષ્ઠ ફિલ્મ : 'દ રેવેનાંટ'
> ➢ સર્વશ્રેષ્ઠ નિર્દેશક : એલેજાંદ્રો એનારિંટ્રૂ (ફિલ્મ 'દ રેવેનાંટ')

- દિલ્લી બાદ હવે પાડોશી શહેર રોહતકમાં પણ ઓડ-ઈવન ફોર્મ્યુલા લાગુ.
- મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ભારતીય યુદ્ધ જહાજ માટે છત્તીસગઢમાં ભિલાઈ કારખાનામાં જ સ્ટીલ તૈયાર કરવામાં આવશે. આજ સુધી રશિયાથી આવતું હતું.
- સાતમી વખત પ્રવાસી ભારતીય દિવસનું આયોજન નવી દિલ્લીમાં.

> **પ્રવાસી ભારતીય દિવસ**

www.crackgpsc.com

> ➢ 9 જાન્યુ. (મહાત્મા ગાંધીના વર્ષ 1915માં દ. આફ્રિકા પ્રવાસથી પાછા ફરવાનો દિવસ) ને યાદ કરી પ્રવાસી ભારતીય દિવસ સમાગમ સ્વરૂપે આયોજીત કરવામાં આવે છે.
>
> ➢ આ પૂર્વે 13માં પ્રવાસી ભારતીય દિવસ સમ્મેલનનું આયોજન 7-9 જાન્યુ. 2015ના ગાંધીનગર, ગુજરાત ખાતે થયેલ.

- આર્જેન્ટિના અને બાર્સેલોના ક્લબના સ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીએ રેકોર્ડ પાંચમી વાર ફીફા બેલોન ડીઓર પુરસ્કાર જીત્યો.
- લોકમાન્ય તિલક કન્યા ઈંટર કોલેજ, ઝાંસી, ઉત્તરપ્રદેશની વિદ્યાર્થીની કલ્યાણી શ્રીવાસ્તવની 'દેશી એરકંડીશનર' મોડેલ માટે રાષ્ટ્રીય સ્તર પર પસંદગી.
- દેવેન્દ્ર કુમાર સીકરીએ ભારતીય પ્રતિસ્પર્ધા આયોગના અધ્યક્ષ તરીકે શપથ લીધા.
- હિમાચલ પ્રદેશના કુલ્લૂ જીલ્લાના નાટી લોકનૃત્યને ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન.
  - ➢ કુલ્લૂ દશેરા મહોત્સવમાં બેટી બચાવો થીમ પર એક સાથે 9892 મહિલાઓએ ભાગ લીધેલ.
- તેલંગાણા સ્નાતક સ્તરે જાતીય શિક્ષણ અનિવાર્ય કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ માટે 'Towaṛ d a woṛ ld of equal ' નામનું દ્વિભાષી પુસ્તક બહાર પડાયું.
- 'બેટી પઢાઓ બેટી બચાવો' અભિયાનને હરિયાણા રાજ્યના જનપદ ફતેહાબાદની ગ્રામ પંચાયત સાલમખેડાના લોકોએ 21 વર્ષની બેટીને સરપંચ બનાવીને સાર્થક કર્યું.
- પઠાનકોટમાં પાકિસ્તાન આતંકી હુમલા પછી રાજસ્થાનના જેસલમેરમાં બીએસએફ દ્વારા ઓપરેશન સર્દ હવા શરૂ કરવામાં આવ્યું.
- રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ 122 દડામાં સદી ફટકારી. પર્થના મેદાનમાં સદી મારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન.
- 12 જાન્યુઆરી : રાષ્ટ્રીય યુવા દિવસ.
  - ➢ રાષ્ટ્રીય યુવા દિવસ 12 જાન્યુઆરી 2016ના સ્વામી વિવેકાનંદના 153મા જન્મ દિવસ પર મનાવવામાં આવ્યો.
- મધ્યપ્રદેશ સરકારે નોકરીમાં સીધી ભરતી માટે રાજ્યની બહારના ઉમેદવારો માટે વય મર્યાદા 40 થી ઘટાડીને 35 વર્ષ કરી.
- સરકારે 90000 કરોડની મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનાની દેખરેખ માટે નીતિ આયોગના ઉપાધ્યક્ષ અરવિંદ પાનગડિયાની અધ્યક્ષતામાં એક પાંચ સદસ્યીય સમિતિની રચના કરી.

www.crackgpsc.com

- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે (NGT) નમામિ ગંગે પરિયોજના માટે ભંડોળ આપવા પર અટકાયત હાથ ધરી. NGTએ પ્રદૂષણના આંકડા ન આપવાને કારણે ગોમુખથી કાનપુર સુધી ગંગા સફાઈ માટે ભંડોળ આપવા પર અટકાયત કરી.
- અમિતાભ બચ્ચનને કોલકાતાના ફૂટબોલ ક્લબ મોહમ્મદ સ્પોર્ટિંગના આજીવન સભ્ય બનાવાયા.

GPSC, BANK Clerk/PO
Maths & Reasoning by... એમ. કે. સર
87340 98198

- શ્રીલંકાના વડાપ્રધાન રાનીલ વિક્રમસિંઘ દ્વારા શ્રીલંકામાં 1978ના બંધારણને બદલી નવા બંધારણના નિર્માણ પ્રક્રિયાનો એક પ્રસ્તાવ પસાર કરાયો.
- 1971 ભારત પાક. યુદ્ધમાં મહત્વનો ભાગ ભજવનાર લેફ્ટનન્ટ જનરલ જે એફ આર જૈકબ (નિવૃત્ત) નું નિધન.
- અમેરિકાએ પાકિસ્તાનને આઠ નવા એફ-16 વિમાન આપવાની મનાઈ ફરમાવી.
- દ. ભારતીય રાજ્ય કેરળ 100% પ્રાથમિક શિક્ષણના લક્ષ્યને હાંસલ કરનાર પ્રથમ રાજ્ય.
- કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી – Ocen energy ˙ y tem માં ભારતની સદસ્યતાને મંજૂરી અપાઈ.
- પ્રો. પી જે એલેક્ઝેંડર દ્વારા લિખિત ‘જવાહરલાલ નહેરુ એન્ડ ઈન્ડિયન પોલિટી ઈન પર્સ્પેક્ટિવ’ પુસ્તકનું વિમોચન.
- યૂનિવર્સલ એકાઉન્ટ નંબર ઈસ્યુ કરવા બદલ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (ઇપીએફઓ) ઇ-ગવર્નન્સ 2015-16 માટે રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યું. યૂનિવર્સલ એકાઉન્ટ નં. EPFO દ્વારા જુલાઈ 2014માં શરૂ કરવામાં આવેલ ઈ-પહેલ છે.
- કેન્દ્ર સરકાર દ્વારા નવી પાક વીમા યોજનાને મંજૂરી. ખેડૂતોને ઓછા પ્રીમિયમમાં વધારે વીમા રાશિ મળે તેવી યોજના.
- FIFA માંથી મહાસચિવ જેરોમ વાલકેને 2014માં ટિકિટોની કાળાબજારી મામલે હટાવાયા.
- ઝારખંડમાં મેલીવિદ્યા જેવી ઘટનાઓ પર ઝડપી કાર્યવાહી માટે ફાસ્ટ ટ્રેક કોર્ટની રચનાની મંજૂરી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બહાર પડાયેલ રિપોર્ટ ‘Trend  in International Migrant Stock: Tસe 2015’ અનુસાર 2015માં ભારતમાથી 16 લાખ લોકો દેશની બહાર ગયા. જે વિશ્વમાં સૌથી મોટી સંખ્યા છે.

www.crackgpsc.com

- પૂર્વ બાર્સિલોનાના ખેલાડી રોનાલ્ડિન્હોને નાગજી ઈન્ટરનેશનલ ક્લબ ફૂટબોલ ટૂર્નામેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર બનાવાયા. જે કોઝીકોડ, કેરળમાં રમાશે.
- ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિટ્ઝરલેંડની માર્ટિના હિંગિસની જોડીએ ડબલ્યુટીએ સીડની ઈન્ટરનેશનલ ટેનિસમાં ફાઈનલમાં પહોચવાની સાથે જ ડબલ્યુટીએ ટૂરમાં લગાતાર 29મી જીત મેળવીને ઈતિહાસ રચ્યો.
- બ્રિટિસ અભિનેતા એલન રિકમેનનું લંડનમાં નિધન. જેમણે હેરી પોર્ટરમાં પ્રોફેસર સ્નેપનો વેશ ભજવેલ.
- SBIના ચેરમેન અરુંધતિ ભટ્ટાચાર્ય દ્વારા બેંગલુરુમાં 'એસબીઆઇ ઈનક્યુબ' નામની બેન્કની સ્થાપના. આ સાથે 'એસબીઆઇ એક્સક્લુસિફ'ની પણ શરૂઆત કરી.

**એસબીઆઇ ઈનકયુબ**

- ➢ એક એવી શાખા જે માત્ર નવા ઉદ્યોગપતિઓને સમર્પિત છે.
- ➢ શરૂઆતમાં આ બેન્ક આ નવા ઉદ્યોગપતિઓને સલાહકાર તરીકે સેવા આપશે.
- ➢ શરૂઆતમાં સ્ટાર્ટ-અપને કોઈ પણ લોન નહી આપે.
- ➢ જેમને કાયદાકીય બાબતો, કર વગેરેની જાણકારી એક જ છત નીચે મળી રહેશે.

**એસબીઆઇ એક્સક્લુસિફ**

- ➢ ઉદ્યોગપતિઓને રિલેશનશિપ મેનેજમેંટ સેવા આપશે.

- ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી હરેન પંડ્યાનાં પત્નિ જાગૃતિ પંડ્યા 'બાળ અધિકાર આયોગ'નાં અધ્યક્ષ બન્યાં.
- આરબીઆઇ દ્વારા બેંકિંગ ક્ષેત્રમાં ATM પર દરેક પ્રકારની બેંકિંગ સુવિધા આપવાની પરવાનગી અપાઈ. જેમાં લોન અરજી, ડ્રાફ્ટ, રેલવે ટિકિટ, વીજળી-પાણી બિલ જમા કરવા વગેરેનો સમાવેશ થાય છે.
- વિશ્વ સ્વાસ્થય સંગઠને લાઈબેરિયાને ઈબોલા મુક્ત જાહેર કર્યો. જેની સાથે પશ્ચિમ આફ્રિકા પૂર્ણ રીતે ઈબોલા મુક્ત થયો.



www.crackgpsc.com

- નેપાળ સરકારે ભારત સાથે વર્તમાન દ્વિપક્ષીય સમજૂતીની સમીક્ષા માટે પ્રતિષ્ઠિત વ્યક્તિઓની ચાર સદસ્યીય સમિતિની રચનાનો નિર્ણય લીધો. વડાપ્રધાન બન્યા બાદ કે. પી. ઓલી પ્રથમ વિદેશી યાત્રામાં ભારત આવશે.
- સ્વદેશી ત્રીજી પેઢીની એન્ટી ટેન્ક મિસાઈલ નાગનું સફળ પરીક્ષણ.
- સાઉદી અરબે 25 વર્ષ પછી જાન્યુઆરી 2016માં ઈરાક સ્થિત બગદાદમાં પોતાનું દૂતાવાસ (Emba ̇ ̇ ૡ) ફરીથી પ્રારંભ કર્યું.
- ભારતીય ફેશન ડિઝાઈનર સંકેત ધીરને વૂલમાર્ક પુરસ્કાર.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2014-15 ના કૃષિ કર્મણ પુરસ્કાર સ્વરૂપે લગાતાર ચોથી વખત મધ્યપ્રદેશની પસંદગી.

**કૃષિ કર્મણ પુરસ્કાર**

- 2010-11 માં શરૂ કરાયો.
- પુરસ્કાર અંતર્ગત ધાન, ચોખા ઘઉં, દાળ વગેરે અલગ અલગ પાકોમાં સારી કામગીરી/ઉત્પાદન કરનાર ભારતીય રાજ્યને સન્માનિત કરવામાં આવે છે.

- એમ એમ અગ્રવાલ લિખિત 'ઉદ્દેશ્ય રેલવે એંજીનિયરિંગ – ટ્રેક, કાર્ય અને અન્ય' પુસ્તકનું વિમોચન. લેખક પ્રસિદ્ધ સિવિલ એંજિનિયર છે.
- ભારત અને જાપાન કોસ્ટ ગાર્ડ જવાનોએ ચેન્નાઇ દરિયાકિનારે બંગાળની ખાડીમાં સંયુક્ત સંયુક્ત અભ્યાસ 'સહયોગ કેજીન'નું આયોજન કર્યું.
- જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, 2015, 15 જાન્યુઆરી 2016થી દેશમાં લાગુ. આ અંતર્ગત 16થી 18 વર્ષના કોઈ પણ માઈનોરને કોઈ પણ ઘોર અપરાધમાં સામેલ થવા પર તેને પુખ્ત ગણવામાં આવશે. આ ઉપરાંત કોઈ દુકાનદાર માઈનોરને સિગારેટ કે તમાકુ વેચે છે તો તેને સાત વર્ષની જેલ અથવા એક લાખ રૂપિયા દંડ અથવા બંને ભોગવવું પડશે.
- 14 વર્ષ બાદ ભારત વર્લ્ડ રેસલિંગ એન્ટરટેનમેંટ (ડબલ્યુડબલ્યુઇ) માં પરત ફરશે. જે દિલ્લીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં લાઈવ આયોજિત થશે. ભારતમાં વર્લ્ડ રેસલિંગનું આયોજન પ્રથમ વખત થશે.
- સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડીએ WTA એપિયા ઈન્ટરનેશનલ ટેનિસ ટ્રોફી જીતી
- 15 જાન્યુઆરી 2016 : 68મો સેના દિવસ મનાવાયો. સ્વતંત્રતા પછી પહેલા કમાન્ડર ઈન ચીફ લેફ્ટનન્ટ જનરલ કે એમ કરિઅપ્પાની નિમણૂકને યાદ કરીને દર વર્ષે ઉજવવામાં આવે છે.



- **61મો ફિલ્મ ફેર એવોર્ડ:**

| |
|---|
| ➢ સર્વશ્રેષ્ઠ ફિલ્મ : બાજીરાવ મસ્તાની |
| ➢ સર્વશ્રેષ્ઠ અભિનેતા : રણવીર સિંહ (ફિલ્મ બાજીરાવ મસ્તાની) |
| ➢ સર્વશ્રેષ્ઠ અભિનેત્રી : દીપિકા પાદુકોણ (પીકૂ) |
| ➢ સર્વશ્રેષ્ઠ નિર્દેશક : સંજય લીલા ભણસાલી (ફિલ્મ બાજીરાવ મસ્તાની) |
| ➢ સર્વશ્રેષ્ઠ ફિલ્મ (ક્રિટિક ચોઈસ) : પીકૂ |
| ➢ સર્વશ્રેષ્ઠ અભિનેતા (ક્રિટિક ચોઈસ) : બચ્ચન (પીકૂ) |
| ➢ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ : મૌસમ ચેટરજી |
| ➢ સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેતા : અનિલ કપૂર |
| ➢ સર્વશ્રેષ્ઠ સહાયક અભિનેત્રી : પ્રિયંકા ચોપડા |

- નાસા દ્વારા અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત વૈન્ડેનબર્ગ એર ફોર્સ બેઝમાં સ્પેસX ફાલ્કન 9 રોકેટનું સફળતાપૂર્વક પ્રક્ષેપણ. તે ઓસીયન (મહાસાગર) મોનીટરીંગ સેટેલાઈટ જેસન -3 ને લઈને ગયું. તે દરિયા પર જળવાયુ પરિવર્તન અથવા માનવ પ્રેરિત પરિવર્તનના અભ્યાસમાં મદદ કરવા દરિયાના તળિયાની તપાસ કરશે.
- નીતિ આયોગ દ્વારા જાહેર કરાયું કે તે આઇડીએફસી બેન્ક સાથે મળીને મેન્યુફેકચરિંગ કંપનીઓના ઉદ્યોગ સર્વેક્ષણ કરવા જઈ રહ્યું છે.
- તાઈવાનમાં સાઈ ઈંગ વન તાઈવાન ની પહેલી મહિલા રાષ્ટ્રપતિ બની. ચીની ભાષાની દુનિયામાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ.
- એટોમિક એનર્જી અને અંતરિક્ષ વિભાગ રાજ્ય મંત્રી, ડૉ જિતેન્દ્ર સિંહ દ્વારા દિલ્હીમાં 'હૉલ ઓફ ન્યુક્લિયર પાવર' નું ઉદ્ઘાટન. આ ઉત્તર ભારતનું પહેલું સ્થાયી પ્રદર્શન કેન્દ્ર છે.
- નરેન્દ્ર મોદીએ દિલ્લીમાં સ્ટાર્ટ અપ ઈન્ડિયા અભિયાનનો શુભારંભ કર્યો.

**સ્ટાર્ટ અપ કાર્ય યોજના**

- ➢ જેના માટે 10000 કરોડ રૂપિયાનો એક સ્ટાર્ટ અપ ફંડ બનાવાશે.
- ➢ સ્ટાર્ટ અપમાં પ્રથમ ત્રણ વર્ષ સુધીના નફા પર આવકવેરાની ચૂકવણીમાથી બાકાત રખાશે.
- ➢ આ ઉદ્યોગો માટે પેટન્ટ ફી પર 80 ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

www.crackgpsc.com

- BCCI દ્વારા ક્રિકેટર અજિત ચંદીલા પર વર્ષ 2013ના IPL સ્પોટ ફિક્સીંગ બાબતે આજીવન પ્રતિબંધ.
- નાસા દ્વારા વૈજ્ઞાનિકોએ આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનમાં એક ફૂલ ઉગાડવામાં સફળતા પ્રાપ્ત કરી. આ અમેરીકાનું જીન્નિયા નામનું ફૂલ છે.

> ➢ પ્રથમ વખત પૃથ્વી બહાર કોઈ ફૂલ ખીલવવામાં આવ્યું.
> ➢ આને વેજી સિસ્ટમથી ઉગાડાયું, જેમાં નીલા અને લીલા રંગની LED લાઈટનો ઉપયોગ થાય છે.

- શ્રીલંકાના ઓલ રાઉન્ડર ક્રિકેટર થીસારા પરેરાએ ટેસ્ટ ક્રિકેટમાંથી સન્યાસ લીધો.
- ગુંટર બટસેક ટાટા મોટર્સ ગ્રુપના નવા CEO & MD.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિસદે (ICC) ચેનલ-2 સમૂહને વિશેષ ઓડિયો અધિકાર પ્રદાન કર્યા. જેથી ચેનલ-2 સમૂહ 2016 થી 2023 સુધી એફએમ અને એએમ ચેનલ પરથી તમામ આઇસીસી મેચનું રેડિયો પ્રસારણ કરશે.
- વિશ્વ બેન્કે આંધ્રપ્રદેશના પક્ષીઘરના વિકાસ માટે મદદની જાહેરાત કરી. જેનું હૂડહૂડ ચક્રવાત દરમિયાન નુકશાન થયેલ.
- રોની ઓ સુલિવને 6ઠ્ઠો સ્નૂકર માસ્ટર્સ એવોર્ડ જીત્યો.
- વિશ્વ પર્યટન સંગઠન અનુસાર 2015માં આંતરરાષ્ટ્રીય પર્યટકોના આગમનમાં 4.4%નો વધારો થયો.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (આઇસીસી)એ યુનિસેફ અને બીસીસીઆઇ સાથે મળીને 'ક્રિકેટ ફોર ગુડ' અને 'ટીમ સ્વચ્છ અભિયાન'નો સુભારંભ કર્યો.
- નરેન્દ્ર મોદીએ ગંગટોકમાં 'સિક્કિમ જૈવિક ઉત્સવ 2016' નું ઉદઘાટન કર્યું. સિક્કિમના મુખ્યમંત્રી : પવન ચામલિંગ.
- મહેન્દ્રસિંહ ધોનીને IPL સીઝન 2016 માટે સંજીવ ગોયનકાની રાઈઝિંગ પૂણે સુપર જાયંટ્સ ટીમના કપ્તાન બનાવાયા.
- શિપિંગ મંત્રાલયે 'પરિયોજના હરિયાળા બંદર (પ્રોજેક્ટ ગ્રીન પોર્ટ)' નો શુભારંભ કર્યો. આનાથી દેશભરમાં આવેલ બંદરોને વધારે સ્વચ્છ અને હરિયાળા બનાવાશે.
- આવકવેરા નિયમોને સરળ બનાવવા સેવા નિવૃત આર વી ઈશ્વર સમિતિનો રિપોર્ટ નાણા મંત્રાલયે બહાર પાડ્યો. જેમાં ધારા 1961માં ફેરફાર કરી 6 મહિનામાં ટેક્સ રિફંડ કરવાનો ઉપાય બતાવવામાં આવ્યો છે. મોડુ થવા પર 12-18% વ્યાજ આપવાની પણ ભલામણ છે.
- બિહાર સરકાર મહિલાઓને તમામ પ્રકારની સરકારી નોકરીઓમાં 35% અનામત આપશે.

- કેન્દ્ર સરકારે અટલ પેન્શન યોજના (APY) અંતર્ગત સરકારના સહ-અંશદાનની સમયાવધિ વધારીને 31 માર્ચ 2016 કરી. (જે 31 ડિસેમ્બર 2015 હતી).
- રાષ્ટ્રીય બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદની પ્રીમિયર બેડમિંટન લીગ (પીબીએલ) 2017ના નવા કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી.
- ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસવા ઓલાંદે દેશમાં "રાષ્ટ્રીય આર્થિક અને સામાજિક કટોકટી" જાહેર કરી.
- ભારત સરકારે દેશમાં બે રાષ્ટ્રીય પ્રૌઢ કેન્દ્ર સ્થાપિત કરવા માટે મંજૂરી આપી. એકની સ્થાપના અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એઇમ્સ), નવી દિલ્હી અને બીજી મદ્રાસ મેડિકલ કોલેજ, ચેન્નાઇ સ્થાપિત કરવામાં આવશે.
- સહારા ફોર્સ ઈન્ડિયા એકેડેમીના ખેલાડી જેહાન દારૂવાલાએ ન્યુઝિલેન્ડની પ્રખ્યાત મોટર સ્પોર્ટ ટ્રોફી ‘લેડી વિગ્રામ ટ્રોફી’ જીતી.
- ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)એ આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતેથી ભારતના પાંચમા નેવિગેશન સેટેલાઇટ IRNSS-1 (ભારતીય પ્રાદેશિક નેવિગેશન સેટેલાઇટ સિસ્ટમ)નું પીએસએલવી લોન્ચ વ્હિકલ સી -31 દ્વારા સફળતાપૂર્વક લોંચિંગ કર્યું.
- ઇન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઇએમએફ) ના જણાવ્યા અનુસાર ભારતનો આર્થિક વૃદ્ધિ દર ચાલુ નાણાકીય વર્ષ (2015-16)ના 7.3 ટકા રહેવાની ધારણા.
- વિશ્વના સૌથી વૃદ્ધ પુરૂષ યસુતારો કોઈદેનું જાપાનમાં મૃત્યુ.
- કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં ‘મોસ્ટ ફિલ્મ ફ્રેંડલી સ્ટેટ/યુનિયન ટેરેટરી’ નામની એક નવી શ્રેણી રચવાની જાહેરાત કરી.
- મચ્છર આધારિત જીકા વાયરસ જાન્યુઆરી 2016માં ચર્ચામાં. આ વાયરસ અમેરિકન મહાદ્વીપથી ઝડપથી ફેલાઈ રહ્યો છે.

> - આ વાયરસથી માઈક્રોસીફેલી નામની બીમારી થવાની સંભાવના છે.
> - આ બીમારીમાં નવજાત બાળકનું માથું નાનું અને રોગ પ્રતિકારક ક્ષમતા ઓછી હોય છે.

- હોલીવુડ અભિનેતા લિયોનાર્ડો ડિકેપ્રિયો અને બ્રી લાર્સન 21મા ક્રિટીક્સ ચોઇસ એવોર્ડ્સથી સન્માનિત.
- મુંબઇમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી સૈયદ મુસ્તાક અલી ટ્રોફીની ફાઈનલમાં ઉત્તર પ્રદેશે પ્રથમ વખત સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી હતી.
- ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ એમઆરએફ ટાયર્સને તેના વૈશ્વિક ભાગીદાર તરીકે જાહેર કર્યો. આ માટે ચાર વર્ષના કરાર પર સમજૂતી.

www.crackgpsc.com

- સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના પત્ની, જાણીતા શાસ્ત્રીય નૃત્યાંગના અને પદ્મભૂષણથી નવાજાયેલાં મૃણાલિનિ સારાભાઈનું અવસાન થયું.

**મૃણાલિનિ સારાભાઈ**

- ➢ મૃણાલિની સારાભાઈના લગ્ન દેશના ખ્યાતનામ વૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈ સાથે થતાં તેઓ અમદાવાદમાં જ સ્થાયી થયાં હતાં.
- ➢ મૃણાલિનિ સારાભાઈ ભારતનાટ્યમ અને કથકલીમાં પારંગત હતા. તેમણે ભારતનાટ્યમ અને કથકલીમાં અનેક વિદ્યાર્થીઓને તાલીમ આપી છે.
- ➢ અમદાવાદની નૃત્ય, નાટકો, સંગીત અને કઠપૂતળીના ખેલની તાલીમ આપતી સંસ્થા 'દર્પણ ઍકેડમી ઑફ પરફોર્મિંગ આર્ટ્સ' ના તેઓ ફાઉન્ડર-ડિરેક્ટર હતાં.
- ➢ કલા ક્ષેત્રે તેઓના ઉત્તમ પ્રદાન બદલ તેમને અનેક ઍવોર્ડ્સ આપવામાં આવ્યાં છે.
- ➢ મૃણાલિની સારાભાઈ `અમ્મા'ના નામથી જાણીતા હતા.
- ➢ ફિલ્મ `મૃણાલિની સારાભાઈ-ધ આર્ટિસ્ટ એન્ડ હર આર્ટ'માં દર્પણા એકેડમી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ફાઉન્ડર મૃણાલિની સારાભાઈને એક આર્ટિસ્ટ તરીકે દર્શાવ્યાં છે. આ ફિલ્મને યાદવન ચંદ્રએ ડિરેક્ટ કરી હતી.
- ➢ મૃણાલિની સારાભાઈને ભારત સરકાર તરફથી 1992માં નેશનલ સિવિલીયન એવોર્ડ પદ્મભુષણ અને 1965માં પદ્મશ્રી એવોર્ડ મળ્યો હતો. તેમને 1997માં યુનિવર્સીટી ઓફ ઈસ્ટ એન્જાલિયા નોર્વિચ, યુકે દ્વારા ડિગ્રી ઓફ ડોક્ટર ઓફ લેટ઼ર્સથી સન્માનિત કરાયા હતા. ત્યાર પછી 1994માં તેમને સંગીત નાટક અકાદમી ફેલોશીપ નવી દિલ્હી માટેનો એવોર્ડ એનાયત કરાયો હતો. તેમને આંતરરાષ્ટ્રીય ડાન્સ કાઉન્સીલ-પેરિસની એક્ઝિક્યુટિવ કમિટીમાં સભ્ય બનાવાયાં હતાં.

- ફ્રોગમેન ઓફ ઈન્ડિયા તરીકે જાણીતા પ્રો. સત્યભામા દાસ બીજૂ અને તેમની સંશોધક ટીમે ભારતના ઉત્તર પૂર્વ અને ચીનના જંગલોમાં એક અસામાન્ય દેડકાની પ્રજાતિ શોધી જે વૃક્ષોની બખોલમાં પ્રજનન કરે છે.
- ચીન દ્વારા પ્રાયોજિત એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB)એ ભારતના દિનેશ શર્માનો 12 સભ્યોના નિર્દેશક બોર્ડમાં સમાવેશ કર્યો. ભારત બેન્કના સંસ્થાપક સભ્યોમાંથી એક છે.
- કેનબેરામાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોથી વન-ડેમાં પ્રથમ વખત કોઈ ફિલ્ડ અમ્પાયર હેલ્મેટ પહેરીને ઉતર્યા. ઓસ્ટ્રેલિયન અમ્પાયર જોન ડેવિડ વોર્ડ હેલ્મેટ પહેરીને ઉતર્યા.

- મોદીએ સુભાષચંદ્રાના પુસ્તક 'ડ જેડ ફેક્ટર : માય જર્ની એજ દ રોંગ મેન એન્ડ રાઈટ ટાઈમ' નું વિમોચન કર્યું.
- માલડોવાની સંસદે પાવેલ ફિલિપને વડાપ્રધાન તરીકે નીમ્યા.
- લઘુમતી બાબતોના મંત્રી નજમા હેપ્તુલ્લાએ જમ્મુ અને કાશ્મીરમાં પ્રથમ વખત 'નવી મંઝિલ' યોજના શરૂ કરી.
  - ➢ યોજનાનો ઉદ્દેશ્ય એ લઘુમતી યુવાનોને લાભ આપવાનો છે કે જે વચ્ચે ભણવાનું છોડી ડે છે અથવા મદરેસા જેવા સામુદાયિક શિક્ષણ સંસ્થાઓમાં ભણે છે.
- વૈજ્ઞાનિકો અત્યાર સુધીની સૌથી મોટી અવિભાજ્ય (પ્રાઇમ) સંખ્યાની શોધ કરી છે. પ્રાઇમ સંખ્યાનું નામ 'એમ 74207281' આપવામાં આવ્યું. જેમાં 2.20 કરોડથી પણ વધારે આંકડા છે.
- વૈજ્ઞાનિકોના એક જૂથે ભારત-ચીન સીમા પર પક્ષીની નવી પ્રજાતિની શોધ કરી, જેને 'જૂથેરા સલીમ અલી' નામ આપવામાં આવ્યું. સલીમ અલી ભારતના પ્રખ્યાત પક્ષી વૈજ્ઞાનિક હતા.
- વર્ષ 1880થી નોંધવામાં આવતા પૃથ્વીના તાપમાનમા વર્ષ 2015 સૌથી ગરમ વર્ષ.
- ભારત સરકારની ઝેલમ અને તવી ફ્લડ રિકવરી પરિયોજના માટે વિશ્વબેંક સાથે 250 મિલિયન અમેરિકન ડોલરની નાણાકીય સમજૂતી.
- ટ્રિપ એડવાઈઝરના 'ટ્રાવેલર્સ ચોઈસ એવોર્ડ ફોર હોટલ્સ'માં જોધપુરના ઉમ્મેદ ભવન પેલેસને દુનિયાની સર્વશ્રેષ્ઠ હોટલનો એવોર્ડ.
- અતુલેશ જિંદાલ સેન્ટ્રલ બોર્ડ ફોર ડાઈરેક્ટ ટેક્સ (સીબીડીટી)ના અધ્યક્ષ નીમાયા.
- ઇ-ગવર્નન્સ પર 19મી નેશનલ કોન્ફરન્સ (રાષ્ટ્રીય સમ્મેલન)નો નાગપુર, મહારાષ્ટ્રમાં શુભારંભ.
- સૂર્યમંડળમાં નવમા ગ્રહની હાજરીના સંકેતો મળ્યા. તેને હાલ 'પ્લેનેટ નાઈન' નામ આપવામાં આવ્યું છે.
  - ➢ પ્લુટોને ગ્રહની શ્રેણીમાંથી હટાવ્યા પછી સૂર્યમંડળમાં આઠ ગ્રહ જ બાકી રહ્યા છે.
- જાપાને ઈરાન પર લગાવેલ પરમાણુ પ્રતિબંધોને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો.
- ભારતના અગ્રણી અખબાર 'દૈનિક જાગરણ'ને વર્ષ 2014-15 માટે કન્ઝ્યૂમર સુપર બ્રાન્ડ એવોર્ડ આપવામાં આવ્યો.
- ટ્યુનિશિયાએ બેરોજગારીના વિરોધમાં કેટલાક દિવસો સુધી ચાલેલ રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન પછી કર્ફ્યુની જાહેરાત કરી.
- પર્યાવરણવિદ રવિ ચેલ્લમ ગ્રીનપીસ ઇન્ડિયાના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બન્યા.
- ગાઝિયાબાદ - મુરાદાબાદ રેલવે માર્ગનું વિદ્યુતિકરણ કરાયું.

- એજ્યુકેશન મેનેજમેંટ કોર્પોરેશને જેના સંતાન માત્ર છોકરીઓ છે, તેવા પાલકને સંપતિ કરમાં 5% મુક્તિ આપવાનો નિર્ણય કર્યો. તેમનાં સંતાન જો સરકારી શાળાઓમાં જાય છે તો મિલકત કરમાં 8.0 ટકા મુક્તિ.
- મુંબઇ સેન્ટ્રલ મફત Wi-Fi સેવા આપનાર ભારતનું પ્રથમ રેલવે સ્ટેશન. કેન્દ્રીય રેલવે મંત્રી : સુરેશ પ્રભુ.
- આરબીઆઈએ નવા સુરક્ષા ધોરણો સાથે 500 અને 100 રૂપિયાની નવી નોટ બહાર પાડવાની જાહેરાત કરી.

> - ડો રઘુરામ જી રાજન, ગવર્નર ની સહી.
> - આ નોટ્સમાં બંને સંખ્યા પેનલોમાં ઈન્સેટ લેટર 'E' હશે.
> - પાછળના ભાગે વર્ષ 2015 છપાયેલ હશે.
> - અગ્રભાગ પર આકારમાં વધતા જતા અંકો, બ્લીડ રેખાઓ તથા આકાર ઓળખાણ-ચિહ્ન હશે. જે ડાબીથી જમણી તરફ વધતા હશે.
>
> બ્લીડ રેખાઓ
> - અંધ વ્યક્તિઓ માટે 100ની નોટમાં આગળની બાજુએ બંને કિનારે 4 આડી રેખાઓ અને 500ની નોટમાં 5 આડી રેખાઓ રહેશે.

- ગુજરાત વિધાનસભાની પહેલી મહિલા ડે. સ્પીકર નિર્મલા ગજવાનીનું નિધન.
- સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે, નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જન્મ જયંતિ નિમિત્તે રાંચીના પહાડી મંદિરની ટોચે ઉભા કરાયેલા દેશના સૌથી ઊંચા સ્તંભ પર, દેશનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

> - આ રાષ્ટ્રધ્વજ ૬૬ ફીટ પહોળો, ૯૯ ફીટ લાંબો અને ૨૯૩ ફીટ ઊંચા સ્તંભ ઉપર ફરકાવવામાં આવ્યો હતો.
> - હવેથી આ ધ્વજ દેશનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ ગણાશે. આ પૂર્વે ફરીદાબાદમાં ગત વર્ષે ફરકાવાયેલો ધ્વજ દેશનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ ગણાતો હતો જે ૨૫૦ ફીટ ઊંચા સ્તંભ પર ફરકાવાયો હતો તેના પર ફરકતા ધ્વજની લંબાઈ ૯૬ ફીટ X ૬૪ ફીટ હતી.

- ભારતીય ક્રિકેટ ટીમે કોચ્ચીમાં રમાયેલ રમતમાં પાકિસ્તાનને હરાવીને પ્રથમ દ્રષ્ટીહીન ટી-20 એશિયા કપ ટાઇટલ જીત્યું.

www.crackgpsc.com

- પૂર્વોત્તર રાજ્ય અરુણાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસથી રાજકીય અસ્થિરતા પ્રવર્તતી હતી અને કેન્દ્ર સરકારે અંતે ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું.

  ➢ **શુ છે બાબત?**

  અરુણાચલ પ્રદેશમાં ૧૬મી ડિસેમ્બર ૨૦૧૫ના રોજ રાજકીય સંકટનો પ્રારંભ થયો હતો. રાજધાની ઇટાનગરમાં ભાજપના ૧૧ અને બે અપક્ષ ધારાસભ્યો સાથે કોંગ્રેસના ૨૧ બળવાખોર ધારાસભ્યોએ હાથ મિલાવી એક હંગામી સ્થળે સ્પીકર નાબામ રેબિયા સામે મહાભિયોગનો પ્રસ્તાવ લાવવા વિધાનસભાનું સત્ર બોલાવ્યું હતું. જેનો વિરોધ કરી મુખ્યમંત્રી નાબામ તુકી અને તેમના ૨૬ ધારાસભ્યોએ સત્રનો બહિષ્કાર કરી ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવ્યું હતું. બીજા દિવસે એક કોમ્યુનિટી હોલમાં મળેલી બેઠકમાં બળવાખોર કોંગ્રેસીઓ અને વિપક્ષના ધારાસભ્યોએ તુકીની હકાલપટ્ટી કરી નવા નેતાની પસંદગી કરી લીધી હતી. તુકી સરકાર સામેના અવિશ્વાસ પ્રસ્તાવને ડેપ્યુટી સ્પીકર ટી નોર્બુ થોંગડોકે સ્વીકારી લીધો હતો.

**રાષ્ટ્રપતિ શાસન**

➢ રાષ્ટ્રપતિ શાસન, ભારતના બંધારણની કલમ ૩૫૬ પ્રમાણે, જ્યારે રાજ્યમાં વ્યવસ્થા કે તંત્ર ભાંગી પડે કે કાર્યરત ન રહી શકે ત્યારે લાગુ થાય છે. એવી ઘટના કે જેમાં રાજ્ય સરકાર બંધારણ પ્રમાણે વર્તવા અસમર્થ હોય, રાજ્ય સીધું કેન્દ્રના શાસન હેઠળ આવે છે, જેમાં કાર્યપાલક સત્તાધિકારી ધારાસભાને જવાબદાર મુખ્યમંત્રીના વડપણ હેઠળના રાજ્યનાં પ્રધાનમંડળને બદલે રાજ્યપાલના આદેશાનુસાર કાર્ય કરે છે.

➢ કલમ 356ને પહેલી વાર 31 જુલાઈ 1959ના લોકશાહી ઢબે ચૂંટાયેલ કેરળની સામ્યવાદી સરકાર બરતરફ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવી હતી.

- ધ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક (UNESCAP) રિપોર્ટ અનુસાર વર્ષ 2016માં ભારત દુનિયાની સૌથી ઝડપી વિકાસ કરનાર મોટી અર્થવ્યવસ્થા. વર્ષ 2016 માટે ભારતનો વિકાસદર 7.3% થવાનું અનુમાન. 2017 માટે ભારતનો વિકાસદર 7.5% થવાનું અનુમાન.
- 25 જાન્યુઆરી : રાષ્ટ્રીય મતદાતા દિવસ.

➢ ભારતીય ચૂંટણી પંચ દ્વારા 6ઠ્ઠો મતદાર દિવસ સમગ્ર દેશમાં ઉજવવામાં આવ્યો. થીમ "વ્યાપક અને ગુણાત્મક સહભાગિતા". જાન્યુઆરી 25, 1950 ચૂંટણી પંચનો સ્થાપના દિવસ છે.

www.crackgpsc.com

- માર્સેલો રેબેલો ડી સૂજાએ પોર્ટુગલની રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી.
- ડેન્માર્ક સંસદ દ્વારા શરણાર્થીઓની સંપતિ જપ્ત કરવાના અધિકારને મંજૂરી.
- આઇસીસી ટેસ્ટ રેંકિંગમાં ભારત 110 નંબર સાથે ફરીથી ટોચના સ્થાને. ઓસ્ટ્રેલિયા બીજા સ્થાને.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- કેન્દ્રીય મંત્રીમંડળે જમ્મુ-કાશ્મીર અને વામપંથી ઉગ્રવાદથી અસરગ્રસ્ત રાજ્યો માટે 17 ભારતીય રિઝર્વ બટાલિયન્સની રચનાની મંજૂરી.
- 26 જાન્યુઆરી 2016 : આંતરરાષ્ટ્રીય સીમા શુલ્ક (કસ્ટમ) દિવસ.
- રાજસ્થાન 'ઉદય' યોજના હેઠળ સમજૂતી પર હસ્તાક્ષર કરનાર ત્રીજું રાજ્ય. પ્રથમ બે માં એક ઝારખંડ અને બીજું છત્તીસગઢ.
- અભિનેત્રી રેખા ત્રીજા યશ ચોપડા મેમોરિયલ એવોર્ડથી સન્માનિત.
- એચસીએલ ટેક્નોલોજિસે એન્જિનિયરિંગ સર્વિસિસ પ્રોવાઇડર બ્રિટેનની કંપની પોઈન્ટ-ટુ-પોઈન્ટ અને પોઈન્ટ-ટુ-પોઈન્ટ પ્રોડક્ટ્સ (P2P) અને એચસીએલ ટ્રેનીંગ એન્ડ સ્ટાફિંગ સર્વિસેઝને હસ્તગત કરી.
- ભારત અને મધ્ય એશિયાઈ દેશ આર્મેનિયાએ ભારત-આર્મેનિયા ડબલ ટેક્સેશન એવોઇડન્સ એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા.
- આંતરરાષ્ટ્રીય સંસ્થા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના ભ્રષ્ટાચાર પર કરપ્શન પરસેપ્શન ઈન્ડેક્સ-2015 અનુસાર, 168 દેશોમાં ભારત 76 મા ક્રમે. ડેનમાર્ક પ્રથમ સ્થાને.
- 67મા પ્રજાસત્તાક દિવસ પર ભારતના પ્રથમ એરક્રાફ્ટ કેરિયર (વિમાનવાહક જહાજ) આઈએનએસ વિક્રાંતના સ્મારકનું મુંબઇમાં અનાવરણ.
- ભારતીય સામાજિક કાર્યકર હેનરી તીફાગ્નેને વર્ષ 2016ના એમ્નેસ્ટી ઇન્ટરનેશનલ હ્યુમન રાઈટ એવોર્ડ પસંદ કરવામાં આવ્યા.
- સંજય મિશ્રા : યુપીના નવા લોકાયુક્ત.

www.crackgpsc.com

- ભારતના રવિચંદ્રન અશ્વિન આઈસીસીની નવી ટેસ્ટ રેન્કિંગમાં ઓલ-રાઉન્ડરોની યાદીમાં ટોચના સ્થાને.
- વર્ષ 2015ના આંકડાના આધારે ભારત દુનિયાનો સૌથી મોટો ચોખા નિકાસકાર દેશ બન્યો છે. ભારત વર્ષ 2015 માં કુલ 1.02 કરોડ ટન ચોખાની નિકાસ સાથે પ્રથમ ક્રમે રહ્યો. આ પહેલાં આ સ્થાન પર થાઈલેન્ડ હતું.
- વેલ્થ એક્સ રિપોર્ટ અનુસાર દુનિયાના 50 સૌથી ધનવાનોમાં બિલ ગેટ્સ પ્રથમ. ભારતના મુકેશ અંબાણી (રિલા. ઈન્ડ.), અજીમ પ્રેમજી (વિપ્રો) અને સન ફાર્માના દિલીપ સંઘવી સામેલ.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં 98 સ્માર્ટ સીટી બનવાની જાહેરાત કરી હતી. જેમાં આજે પ્રથમ 20 સ્માર્ટ સીટીની જાહેરાત કરવામાં આવી. પ્રથમ 20 સ્માર્ટ સીટીમાં ગુજરાતનાં બે શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યાદીમાં 4થા ક્રમે સુરત અને 6ઠ્ઠા ક્રમે અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**પ્રથમ 20 સ્માર્ટ સીટી નું લીસ્ટ**

1. ભુવનેશ્વર,
2. પુણે,
3. જયપુર,
4. સુરત,
5. કોચી,
6. અમદાવાદ,
7. જબલપુર,
8. વિશાખાપટ્ટનમ,
9. સોલાપુર,
10. દાવણગેરે,
11. ઇન્દોર,
12. NDMC (દિલ્હી),
13. કોઇમ્બતુર,
14. કાકીનાડા,
15. બેલગાવ,
16. ઉદયપુર,
17. ગુવાહાટી,
18. ચેન્નાઈ,
19. લુધિયાણા,
20. ભોપાલ.

**સ્માર્ટ સિટી બનાવવાનો હેતુ**

- ➢ લોકોને ક્વોલિટી લાઇફ આપી શકાય.
- ➢ નાગરિકોને વ્યાજબી ભાવે ઘર મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.
- ➢ 24 કલાક વીજળી પાણી અને હાઇટેક સિક્યુરિટી આપી શકાય.
- ➢ શિક્ષણ માટે અનેક વિકલ્પો મળી રહે.
- ➢ શહેરમાં સ્પોર્ટ્સ ક્લબ અને મનોરંજનની વ્યવસ્થા થાય તેવી જગ્યા ઉભી થાય.
- ➢ શહેરનાં દરેક સ્થળે હાઇટેક સિક્યુરિટી લાગે તે માટેની વ્યવસ્થા કરવામાં આવશે.

- મોદીએ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ફ્રાંસ્વા ઓલાંદ સાથે મળીને ગુડગાવની ગ્વાલપહાડી પર રાષ્ટ્રીય સૌર ઊર્જા સંસ્થા (એનઆઇએસઇ)માં ઈન્ટરનેશનલ સોલર અલાયન્સ (આઇએસએ)ના મુખ્યાલયનો પાયો નાખ્યો.

www.crackgpsc.com

- ઉત્તરપ્રદેશની મહિલા પોલીસ અધિકારી અપર્ણા કુમાર એન્ટાર્કટિકાની સૌથી ઊંચી ટોચ માઉન્ટ વિનસન મૈસિફ પર ચઢાણ કરનાર પહેલી ભારતીય સિવિલ સેવક બની.
- ઉત્તરી સિક્કિમમાં પ્રથમ વાર હિમાલયની ઊંચાઈ પર મળી આવતા સ્નો લેપર્ડ અથવા હીમ દીપડા જોવા મળ્યા. વૈજ્ઞાનિક નામ : અનિસયા અનિસયા અથવા પેંથેરા. તે હિમાચલ પ્રદેશનું રાજ્ય પશુ છે.
- જમીનથી હવામાં માર કરતી આકાશ મિસાઈલનું પરીક્ષણ.
- વન્ય જીવ ફિલ્મ નિર્માતા નરેશ બેદીને વી શાંતારામ લાઈફ ટાઈમ એવોર્ડ.
- કેન્દ્રીય સંસ્કૃતિ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો. મહેશ શર્માએ લાલા લજપતરાય પર 150 રૂપિયાનો એક સ્મૃતિ સિક્કો બહાર પાડ્યો.
- નિસિદ હજારીની ભારતના વિભાજન અને તેની ઘાતક અસરો પર લખાયેલ પુસ્તક ‘મિડનાઈટ ફ્યુરિજ : ધ ડેડલી લીજેસ ઓફ ઈંડિયા’સ પાર્ટિસન’ ને અમેરીકામાં 5000 $ નો પ્રતિષ્ઠિત ‘2016 વિલિયમ ઈ કોલબાઈ એવોર્ડ’ આપાયો.
- સાનિયા મિર્ઝા અને માર્ટિના હિંગિસની જોડી પ્રથમ વાર ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન બની.
- યુનિસેફે દુનિયાભરના માનવીય કટોકટીમાં રહેતા 43 મિલિયન બાળકો સુધી પહોચવા 2.8 બિલિયન અમેરિકી ડોલર ફંડની સ્થાપનાની અપીલ શરૂ કરી.
- ભારતની મહિલા ક્રિકેટ ટીમે મેલબર્ન ક્રિકેટ મેદાન, ઓસ્ટ્રેલીયામાં બીજા ટી-20 મુકાબલામાં ઓસ્ટ્રે. સામે ટી-20 શ્રેણી જીતીને ઈતિહાસ રચ્યો.
- ભારત અને પાકિસ્તાને પોતાની એકબીજાની રેલવે સંપર્ક સમજૂતીને ત્રણ વર્ષ માટે વધારી.
- લેસ્લી બરલેન્ડને ટ્વિટર ઈંકના ચીફ માર્કેટિંગ ઓફિસર બનાવાયા.
- પુડુચેરીના ઉપ રાજયપાલ એ કે સિંહે સંઘ રાજ્ય ક્ષેત્રમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા ‘મિત્રા એપ’નો શુભારંભ કર્યો. મુખ્યમંત્રી : એન રંગાસ્વામી.
- જર્મનીની એંજેલિક કર્બરે ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા એકલ ફાઈનલ મુકાબલામાં અમેરિકન ખેલાડી સેરેના વિલિયમ્સને હરાવીને વર્ષ 2016નો મહિલા એકલ ઓસ્ટ્રે. ઓપન એવોર્ડ જીત્યો. આ તેનો પ્રથમ ગ્રેંડ સ્લેમ પુરસ્કાર છે.
- નીતિશ કુમારને સામાજિક ન્યાય ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત ‘વીરમણિ સામાજિક ન્યાય એવોર્ડ’થી સન્માનવામાં આવ્યા.
- ઉત્તરપ્રદેશ ઊર્જા ક્ષેત્રમાં સકારાત્મક ફેરફાર લાવવા ‘ઉદય’ યોજના – ઉજ્જ્વલ ડિસ્કોરમ એશ્યોરન્સ યોજના’માં સામેલ.
- વિશ્વના નં. 1 પુરુષ ટેનિસ ખેલાડી સર્બિયાના નોવાક જોકોવિચે ઓસ્ટ્રે. ઓપનનો પુરુષ એકલ એવોર્ડ જીત્યો.
- કેન્દ્ર સરકારે ડંકસ સમૂહના સાત ચાના બગીચાઓને હસ્તગત કરવાનું જણાવ્યું.

www.crackgpsc.com

- રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન દ્વારા કુડનકુલમ પરમાણુ ઉર્જા યોજનામાં નોંધપાત્ર ભૂમિકા નિભાવનાર યોજના નિર્દેશક રમય્યા શનમુદા સુંદરને રશિયાના વિશેષ સન્માન 'ઓર્ડર ઓફ ફ્રેંડશિપ'થી સન્માનિત કરાયા.
- નાસાનો 'સેપ્ટવાર્ડ બાઉન્ડ પ્રોગ્રામ' પ્રથમ વખત ભારતમાં જમ્મુ કશ્મીરના લદ્દાખ શહેરમાં. તે એસ્ટ્રોબાયોલોજીસ્ટ, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને જ્યાં જીવન જટીલ છે તેવાં સ્થાનો પર અભ્યાસ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે.
- ભારત સરકારે ઓસ્ટ્રેલિયાના 6 મેટ્રો ટ્રેનના ડબ્બાની નિકાસ કરી, આ નિકાસ ભારત સરકારના મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ કરાઈ.
- કેન્દ્ર સરકાર દ્વારા પદ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી. સરકારે 112 પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે. તેમાં 10 પદ્મ વિભૂષણ, 19 પદ્મ ભૂષણ અને 83 હસ્તિઓને પદ્મશ્રી પુરસ્કાર આપવાનો નિર્ણય લીધો છે.
  - ગુજરાતમાંથી પ્રસિદ્ધ લોકગાયક ભીખુદાન ગઢવી, અમદાવાદના વિખ્યાત ન્યુરોલોજિસ્ટ ડૉ. સુધીર શાહ, સન ફાર્માના વડા દિલીપ સંઘવીને પદ્મશ્રી એવોર્ડથી નવાજાશે. તેવી રીતે પાલનજી શાપુરજી મિસ્ત્રીને પણ પદ્મ એવોર્ડ એનાયત થશે. ધીરુભાઈ અંબાણીને તેમના મૃત્યુના 14 વર્ષ બાદ કોઈ ટોચનું નાગરિક સન્માન પ્રાપ્ત થયું છે.

**પદ્મવિભૂષણ**

| | | |
|---|---|---|
| ➢ ધીરૂભાઈ અંબાણી | : | વેપાર-ઉદ્યોગ (મરણોપરાન્ત) |
| ➢ રજનીકાન્ત | : | સાઉથના સુપર સ્ટાર |
| ➢ ગિરિજા દેવી | : | ક્લાસિકલ સિંગર |
| ➢ રામોજી રાવ | : | પત્રકારત્વ |
| ➢ યામિની કૃષ્ણમૂર્તિ | : | કલા અને સાહિત્ય – ક્લાસિકલ ડાન્સર |
| ➢ ર્ડા. વિશ્વનાથ શાંતા | : | તબીબી ક્ષેત્ર |
| ➢ શ્રી શ્રી રવિશંકર | : | આધ્યાત્મિક ગુરુ |
| ➢ જગમોહન | : | જમ્મુ કશ્મીરના પૂર્વ ગવર્નર, પૂર્વ કેન્દ્રીય મંત્રી. (જાહેર સેવા) |
| ➢ ર્ડા. વાસુદેવ અટારે: | | સાયન્સ અને ઈજનેરી શાખામાં પ્રખ્યાત |
| ➢ અવિનાશ દીક્ષિત | : | ઈન્ડિયન અમેરિકન અર્થશાસ્ત્રી |

Most IMP Daily Current Affairs
Must Visit www.crackgpsc.com

**પદ્મ ભૂષણ**

➢ કૈગના પૂર્વ પ્રમુખ વિનોદ રાય, બોલીવુડ અભિનેતા અનુપમ ખેર અને ગાયક ઉદિત નારાયણને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત ભારતના પૂર્વ રાજદૂત રોબર્ટ ડી બ્લેકવિલ ખેલાડી સાયના નેહવાલ અને સાનિયા મિર્ઝાને પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવશે. બેનેટ, કોલમૈન એંડ કંપનીના ઈન્દુ જૈનને પણ પદ્મ ભૂષણ આપવામાં આવશે.

**પદ્મ શ્રી**

➢ દેશના ચોથા સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મ શ્રી માટે આ વખતે વરિષ્ઠ વકીલ ઉજ્જવલ નિકામ, અભિનેતા અજય દેવગન અને અભિનેત્રી પ્રિયંકા ચોપડાની પસંદગી કરવામાં આવશે.

**પદ્મ પુરસ્કાર**

➢ 1954થી શરૂ થયેલ પદ્મ પુરસ્કાર જુદા જુદા ક્ષેત્રોમાં મહત્વપુર્ણ યોગદાન માટે આપવામાં આવે છે. દેશના રાષ્ટ્રપતિ એક વિશેષ કાર્યક્રમમાં આ સન્માન પ્રદાન કરે છે. દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન પછી આ પુરસ્કાર આપવામાં આવે છે.

- આંતરરાષ્ટ્રીય તૈરાકી મહાસંઘ (ફીના)એ જાપાનના શહેર ફૂકોકાને વર્લ્ડ એકવેટિક ચેંપિયનશિપની યજમાની સોંપી. જ્યારે કતરીની રાજધાની દોહાને વર્ષ 2023ની વર્લ્ડ એકવેટિક ચેંપિયનશિપની યજમાની સોંપી.

ટૂંક સમયમાં
Crack GPSC મોબાઈલ એપ
લોન્ચ થઈ રહી છે.
આપની તૈયારીમાં મદદરૂપ થનાર તમામ ફીચર્સ સાથે....

તમામ UPDATES મેળવવા ફેસબૂક પેજ લાઈક કરો.

www.facebook.com/crackgpsc

www.crackgpsc.com